નામ:-**રાઠોડ તુષારભાઈ લાલજીભાઈ**

વર્ષ:- 20023-24

વિષય:-ગાંધીનગર શહેરની ત્રણ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા સમાજ કાર્યના વિદ્યાર્થીઓમાં એચઆઈવી એઈડ્સ અંગેની જાગૃતિ નો અભ્યાસ

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

વિષય પ્રવેશ :-

વિશ્વમાં આરોગ્યની સ્થિતિ :-

દેશની સીમાઓથી બહારની તેમજ વૈશ્વિક રાજકીય અને આર્થિક અસરો ધરાવતી આરોગ્ય સમસ્યાઓ પર ઘણીવાર ભાર મૂકવામાં આવે છે. તેની વ્યાખ્યામાં 'વિશ્વના તમામ લોકો માટે આરોગ્યમાં સુધારો કરવા અને આરોગ્યમાં સમાનતા હાંસલ કરવાની પ્રાથમિકતા આપતા ક્ષેત્રના અભ્યાસ, સંશોધન અને કાર્યપદ્ધતિનો સમાવેશ થાય છે. તેથી, વૈશ્વિક આરોગ્ય એટલે રાષ્ટ્રીય સીમાને ધ્યાનમાં રાખ્યા વગર વિશ્વભરમાં આરોગ્યમાં સુધારો, અસમાનતામાં ઘટાડો અને વૈશ્વિક જોખમો સામે સુરક્ષા છે. માનસિક આરોગ્યના ક્ષેત્રને આ સિદ્ધાંતો લાગુ કરવામાં આવે ત્યારે તે વૈશ્વિક માનસિક આરોગ્ય તરીકે ઓળખાય 9.

આરોગ્ય માટેની અગ્રણી આતરરાષ્ટ્રીય એજન્સી વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)છે. વૈશ્વિક આરોગ્ય સંબંધિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી બીજી મહત્ત્વની એજન્સીઓમાં યુનિસેફ (UNICEF), વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) અને વિશ્વ બેંકનો સમાવેશ થાય છે. વૈશ્વિક આરોગ્યમાં સુધારા માટેની મહત્વની પહેલ સંયુક્ત રાષ્ટ્રસંઘના મિલેનિયમ ઘોષણપત્ર છે અને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત મિલેનિયમ વિકાસ ઉદ્દેશો છે.

હ્યુમન ઈમ્યુનોડેફિસિયન્સી વાઈરસ (HIV) છે. જે સૌપ્રથમ ૧૯૮૦ના દાયકાના પ્રારંભમાં માનવીમાં જોવા મળ્યો હતો. એચઆઈવીમાં ઉત્તરોત્તર વધારો થતા પછી ચેપગ્રસ્ત વ્યક્તિને એઈડ્સ કે એકવાયર્ડ ઈમ્યુનોડેફિસિયન્સી સિન્ડ્રોમ (AIDS) થાય છે. એચઆઈવી આગળ જતા એઈડ્સ (AIDS) બને છે, કારણ કે તેનો વાઈરસ માનવીની રોગ પ્રતિકારક-શક્તિ માટે આવશ્યક એવા સીડી4+ટી (CD4+T) કોષોને ખતમ કરે છે.

નામ:-**ભલેવા જીગીષા ગોવિંદભાઈ**

વર્ષ:-2023- 24

વિષય:-આદિવાસી સમુદાય ગુજરાત સરકારની આર્થિક સામાજિક યોજના ના આ વિશે જાગૃતિનો અભ્યાસ માંડવી તાલુકા ના વિસડાલિયા, વર્જાખાણ, વાત થાય ગામના સંદર્ભ

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

ભારત અને ગુજરાતના આદિવાસી સમાજો પાષાણયુગ, ધાતુયુગ, પશુપાલન અને કૃષિયુગ વગેરેના તબક્કાઓને વટાવીને આજે ઔદ્યોગિક અને અણુયુગના ઉંબરે આવીને ઊભા છે. ભારતના સંવિધાનની આરક્ષક જોગવાઈ અને વિકાસલક્ષી નીતિઓને કારણે તેમનામાં શિક્ષણ અને તાલીમસાથે સામાજિક ચેતના અને રાજનૈતિક દૃષ્ટિનો ઉદભવ થયો છે. ભારતના અન્ય. વિકાસશીલઅને વિકસિત સમાજોના પ્રવાહમાં તેમની નવી એકતા અને સમાનતા સાધી રહી છે.

આજના આધુનિક અને પરિવર્તનશીલ સમાજમાં વિવિધ પરિબળોની અસરને પરિણામે અનુસૂચિત જનજાતિઓમાં પણ અનેક પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. કેમ કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી સરકારી અને બિનસરકારી પ્રયત્નોને પરિણામે તેઓની પરંપરાગત સામાજિક, આર્થિક સ્થિતિમાં થોડો સુધારો જરૂર થયો છે. પરંતુ આ લાભ તેઓમાંના માત્ર એક નાનકડા વર્ગને જપ્રાપ્ત થયો છે. જ્યારે તેઓમાંનો ઘણો મોટો ભાગ આજે પણ પછાત દશામાં જીવન જીવે છે. તે એક વાસ્તવિકતા છે. આ વર્ગના વિકાસ માટે કેટલાક સામાન્ય પ્રયત્નો અને કેટલાક વિશિષ્ટ પ્રયત્નો પણ થયા છે. ખાસ પ્રકારના પ્રયાસોમાં ચૂંટણીઓમાં અનામત પ્રથા તથા કેન્દ્ર તેમજ રાજ્ય ક્ષેત્રની સરકારી નોકરીઓ તથા અર્ધસરકારી સંસ્થાઓની સેવામાં અનામત પ્રથાની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. જ્યારે વિશિષ્ટ પ્રકારના પ્રયાસોમાં તેમને સામાજિક આર્થિક વિકાસ માટે નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે. ચૂંટણીઓમાં અનામત પ્રથાને લીધે ભારતમાં તેમજ ગુજરાતમાં અનુસૂચિત જનજાતિના રાજકીય નેતાનો એક નાનકડો વર્ગ અસ્તિત્વમાં આવ્યો છે. એ જ રીતે આધુનિક શિક્ષણ ક્ષેત્રે અનામતની જોગવાઈને લીધે નાની સંખ્યામાં તેઓએ લાભ લઈ શક્યા છે. જેને પરિણામે તેમના પરંપરાગત વ્યવસાયિક માળખામાં પરિવર્તન આવ્યું છે એ જ રીતે વિશિષ્ટ પ્રકારના પ્રયાસોને લીધે તેમના જીવન ધોરણમાં વત્તે ઓછે અંશેસુધારો થયો છે.

નામ:-**ચૌધરી નિકિતાબેન પ્રવીણભાઈ**

વર્ષ 20023-24

વિષય:-ઘરેલુ હિંસા અધિનિયમ 2005 વિશે પરિણીત સ્ત્રીઓમાં જાગૃતિનો અભ્યાસ (માણસા તાલુકાના વેડા,આનંદપુર,મોતીપુરા, રણછોડપુરા,અને આજોલ ગામના સંદર્ભે)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

૨૧મી સદીમાં વિશ્વભરમાં એક અબજથી વધુ મહિલાઓ એવી જગ્યાઓ પર રહે છે જ્યાં તેમને જાતીય ઘરેલુ હિંસા સામે લગભગ શૂન્ય સુરક્ષા પરવડે છે. લગભગ અવ્યવસ્થિત તરીકે, ૬૦૦ મિલિયનથી વધુ મહિલાઓ એવા રાષ્ટ્રોમાં રહે છે જ્યાં તેમને સામાન્ય રીતે ઘરેલું હિંસા સામે રક્ષણ આપતા નથી. ઓછામાં ઓછા ૧૬૨ દેશોએ ઘરેલુ હિંસા પર કાયદા પસાર કર્યા છે. અને ૧૪૭ દેશોમાં કાર્યસ્થળ પર જાતીય સતામણી અંગેના કાયદા છે, જો કે, કાયદાઓ અસ્તિત્વમાં હોવા છતાં, તેનો અર્થ એ નથી કે તેઓ હંમેશા આંતરરાષ્ટ્રીય ધોરણો અને ભલામણોનું પાલન કરે છે અથવા તેનો અમલ કરવામાં આવે છે.

૨૦૦૬માં, સમગ્ર વિશ્વમાં માત્ર ૬૦ રાષ્ટ્રોએ ઘરેલુ હિંસા પર પ્રતિબંધ મૂકતા કાયદા પસાર કર્યા હતા; ૨૦૧૧ સુધીમાં, યુ.એન.એ દ્વારા તે સંખ્યા બમણાથી વધીને ૧૨૭ રાષ્ટ્રોમાં થઈ ગઈ છે. તાજેતરના આંકડા દર્શાવે છે કે ૧૪૪ દેશોમાં હવે ઘરેલુ હિંસા પીડિતોને રક્ષણ આપવા અને ગુનેગારોને સજા કરવા માટેનો કાયદા છે. આ બાબત પીડિતોને સુરક્ષિત રાખવાની જરૂરિયાત અંગે ઉન્નત જાગૃતિ સાથે નવા કાયદાઓ પસાર કરવાના સકારાત્મક વલણને સૂચવે છે. ૧૨૭ દેશોમાં વૈવાહિક બળાત્કાર હજી પણ તકનીકી રીતે કાયદેસર છે. અને બીજા એવાં ૩૨ દેશો પત્નીઓને તેમના પતિ દ્વારા જાતીય હુમલા સામે કોઈ રક્ષણ આપતા નથી. તેનાથી પણ ખરાબ, ૨૦ દેશોમાં બળાત્કારીઓ માટે કાર્યવાહીથી બચવા માટે તેમની પીડિતા સાથે લગ્ન કરવા હજુ પણ કાયદેસર છે. તે પ્રકારમાં કાયદા ચાલે છે. આમ, વિશ્વ એ ઘરેલું હિંસા પર પ્રતિબંધ મુકતા કાયદા પસાર કર્યા છે.

નામ:-**ડુબાણીયા આરતી રાજુભાઈ**

વર્ષ 20023-24

વિષય:-બાળમજૂરી કરતા બાળકોના માતા પિતા ની સામાજિક આર્થિક સમસ્યાનો અભ્યાસ

(સાવરકુંડલા તાલુકાના પાંચ ગામડાના સંદર્ભ)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

ભારતમાં આયોજનકાળ દરમિયાન સામાજિક આર્થિક ક્ષેત્રે ઘણી પ્રગતિ શક્ય બની છે, જેમ કે આધુનિક યંત્રોથી સજ્જ મોટા કદના ઉધોગોની સ્થાપના, રસ્તા, વીજળી, સંદેશાવ્યવહાર, પાણી વગેરે જેવા માળખાકીય ક્ષેત્રોનો વિકાસ, લોકોના આરોગ્યમાં સુધારો, આયુષ્યમાં વધારો, શિક્ષણના પ્રમાણમાં વધારો અનાજમાં સ્વાવલંબન, રાષ્ટ્રીય આવક અને માથાદીઠ આવકમાં વધારો વગેરે સિધ્ધિઓએ રાષ્ટ્રનું ગૌરવ વિશ્વમાં વધાર્યું છે. વિકાસની આ ક્રાન્તિમાં કેટલીક એવી સામાજિક આર્થિક સમસ્યાઓ સર્જાય છે કે જે આપણાં રાષ્ટ્ર માટે ચિંતાજનક કહી શકાય, જેમાની એક ગંભીર સમસ્યા બાળમજૂરી છે. બાળમજૂરીની સમસ્યા આઝાદીના આટલા વર્ષો પછી પણ આપણે દૂર કરી શકયા નથી. આ સમસ્યા દૂર કરવા જુદા જુદા ઘણાં ઉપાયો યોજવામાં આવ્યા. પરંતુ કેટલાંક કારણોસર આ સમસ્યા સંપૂર્ણ નાબુદ કરી શક્યા નથી.

કવિ વોલ્ટર સ્કોટે સાચું કહ્યું છે કે "child is a father of man " એટલે કે બાળક એ માણસનો પિતા છે. આવનારી અનેક પેઢીઓનો પિતામહ છે.ભવિષ્યનો નાગરિક છે અને અસ્તિત્વનો ઘડવૈયો છે. નેલ્સન મંડેલાએ કહ્યું છે કે બાળક એ દેશનું સૌથી અગત્યનું પાસું છે. મહાત્મા ગાંધી તો કહેતા કે પ્રેમનો કાયદો સમજવા માટે નાનાં બાળકો પાસે રહેવું જોઈએ.

બાળકો દેશની સંપતી અને ભાવિ છે. આજનો બાળક આવતીકાલનો નાગરિક છે, જે દેશના બાળકો શારીરિક માનસિક રીતે વધુ વિકસિત હોય તે દેશનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બની શકે. બાળકોના શારીરિક માનસિક વિકાસને ઘણાં પરિબળો અસર કરે છે. તે પૈકી બાળમજુરી બાળકોના શારીરિક માનસિક વિકાસને અવરોધે છે.

નામ:-**જીગીશા રાવળ**

વર્ષ :-2022-23

વિષય:-આંગણવાડીના બાળકોના વિકાસ માટે આઈસીડીએસ ની ભૂમિકા

(આઈસીડીએસ યોજના અંતર્ગત આંગણવાડીમાં ચાલતા ત્રણ સેવાઓની અભ્યાસ)

માર્ગદર્શક-ડૉ. નરેન્દ્રકુમાર ડી. વસાવા

૦-૬ વર્ષની વયજૂથના બાળકો ભારતની વસ્તીના લગભગ ૧૫૮ મિલિયન (૨૦૧૧ની વસ્તી ગણતરી)ની રચના કરે છે. આ બાળકો દેશના ભાવિ માનવ સંસાધન છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય બાળકોના કલ્યાણ, વિકાસ અને સુરક્ષા માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી રહ્યું છે.

સામાજિક, આર્થિક અને આરોગ્ય સાથે સંકળાયેલા પરિબળોથી થતાં કુપોષણનો મુખ્ય ભોગ બાળક બને છે. જન્મથી બે વર્ષ સુધીના બાળકોમાં કુપોષણ અને બાળમૃત્યુનું ઊંચું પ્રમાણ દર્શાવે છે કે બાળકોમાં આહારની પદ્ધતિઓમાં ખામી છે. ૧૯૯૩માં મહિલા અને બાળ વિકાસનાં નેજા હેઠળ ભારતસરકાર દ્વારા અપનાવેલી રાષ્ટ્રીય પોષણ નીતિમાં શિશુ અને બાળકોના આરોગ્ય પર ભાર મૂકવામાં આવ્યો છે

આગણવાડી કાર્યકરને આહાર અને પોષણ અંગેનું મૂળભૂત જ્ઞાન હોવું જરૂરી છે. કારણ કે આગણવાડી કાર્યકરે બાળકોને, કિશોરીઓને, ગર્ભવતી સ્ત્રીઓને અને ધાત્રી માતાઓને પૂરક પોષણ પૂરું પાડવાની વ્યવસ્થા કરવાની હોય છે. વળી માતાઓ પોતાના બાળકોને જરૂરી આહાર પૂરો પાડે તેની વ્યવસ્થિત સમજ પણ આપવાની હોય છે.

નામ:-**જાદવ ભાર્ગવ એ.**

વર્ષ:- 2022- 23

વિષય:- બાળકના હક શિક્ષણ અને સ્વતંત્રતાના હક વિશે માતા પિતામાં જાગૃતિ નો એક અભ્યાસ (ગાંધીનગર શહેરના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

વર્તમાન સમાજ માં બાળકો ના અધિકરો અને તેમની જરૂરિયાતો વિષે જાણકારીન તથા તેમના વિષે ની જાગૃતતા ના અભિપ્રાય થી આ સંશોધન નો વિષય પસંદ કરવામાં આવ્યો છે જેના કારણે લોલો માં સ્વયં જાગૃતતા આવે અને બાળક ને શિક્ષણ અને સ્વતંત્રતા આપે. આપને જોઈએ છીએ કે શહેર ના દરેક ખૂણા માં બાળકો નો વાસ છે અને તેમાંથી અમુક એવા બાળકો હશે જે બાળમજૂરી કરે છે ભીખ માંગે છે તથા નાનું મોટું કામ કરે છે જેને આપને બાળમજૂરી કહી શકીએ આ બાળકો ની આવી સ્થીતી નું કારણ તેમના માતા-પિતા ની આર્થિક અને સામાજિક સ્થીતી છે અને તેમાં સુધારો લાવવાની જરૂર છે.

નામ:- **Sukirti Tadvi**

વર્ષ 2022-23

વિષય A STUDY ON OPINION OF PARENTS ABOUT MOBILE ADDICTION AMONG CHILDREN

માર્ગદર્શક Dr. Narendrakumar D. Vasava

The current generation of children is growing up in an era when mobile devices are normal parts of daily communication and interaction. These trends indicated that the children own their personal mobile devices at a younger age to stay connected. This raises the question of how mobile devices are changing the progression of social relationships and the nature of peer interaction in the digital age

Children are growing up in present environment with a different set of social conventions and development challenges which make children feel that parents do not understand but the reality in digital age parents limits that access to mobile device because parents are concerned that children are growing up with poor social skills, and get mobile addicted. Parents acknowledge the importance of adopting mobile technology in order to function in the $21^{st}$ century, but many are confused by the information available in the media about the benefits of mobile devices. This is causing a generation gap between parents children.

Mobile phones offer several conveniences in our life, but we also need to be aware of the negative effects of mobile use, the most concerning aspect being mobile addiction. Mobile addiction is phenomenon that pertains to uncontrollability of mobile use. Children with this problem face social, psychological and health problems.

Specifically, children are a high risk group for mobile addiction. Children are strongly attached to their mobile phone as their second self. Many mobile phone users have reported that they would not be able to live without smart phone.

Mobile phone addiction is one of the forms of compulsive use of a mobile phone by children across the world. A new kind of health disorder in this category among children smart phone is now challenging health policy makes globally to think on this rapidly emerging issue. Children are affected by this high smart phone engagement, and the current paper will use meta-analysis to discuss their addictive behaviors.

નામ **કિંજલ જી ઠાકોર**

વર્ષ 2022 -23

વિષય:-કિશોર પસ્તાની કિશોરીઓની મનો સામાજિક આરોગ્ય અને શિક્ષણ વિશે સ્થિતિ અને સમજણનો એક અભ્યાસ (કલોલ તાલુકાના વેડા,ખોરજડાભી,ભાવપુરા, પાલિયાડ, અને નવા ગામની કિશોરીના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના:

કિશોરાવસ્થા એટલે બાલ્યાવસ્થા અને પુખ્તાવસ્થા વચ્ચેનો વિકાસ ગાળો કિશોરાવસ્થાનો અર્થ પરિપક્વતા તરફ પ્રયાણ કરવું એવો થાય છે. પરિપક્વતા એટલે શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ. મૂળ તો આ સમગ્ર અવસ્થા એવી 13 થી19 વર્ષ સુધીની ઉંમર શારીરિક, માનસિક અને આવેગાત્મક ફેરફારની છે .આ ઉંમરમાં જે પ્રકારના પરિવર્તન થઈ રહ્યા છે. તેને સુસંગત વર્તવાની અવસ્થા છે કિશોર અવસ્થાની કેટલીક સામાન્ય પ્રકારની સમસ્યાઓ માત્ર ઝડપી વિકાસને કારણે ઉદભવે છે.

મોટાભાગે 13 થી 19 વર્ષ સુધીના સમયગાળાને કિશોરાવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. આ સમય દરમિયાન કિશોર - કિશોરીઓ એમના શારીરિક વિકાસના એવા તબક્કે પહોંચતા હોય છે. કે એમને પોતાને જ પોતાના શારીરિક વિકાસના પરિણામો નવાઈ પમાડે છે.આ ગાળામાં જાતિય ગ્રંથિઓ પરિપક્વ બનતી હોય છે.એમાંથી થતા સ્ત્રાવોને કારણે પરિવર્તન થતા હોય છે આ અવસ્થા દરમિયાન કિશોરીઓ અને ક પ્રકારની તકલીફો અનુભવતી હોય છે . જેમ કે શારીરિક, માનસિક, શૈક્ષણિક, આરોગ્ય ની વગેરે. આ તકલીફોને તે પરિવાર સમક્ષ રજૂ કરી શકતી નથી તેથી તેમ ને યોગ્ય માર્ગદર્શન અને શિક્ષણ મળતું નથી. ત્યારે તેમને વડીલો ધ્વારા શિખામણ આપીને તેમના અનુભવને આધારે ઘડવાનો પ્રયત્ન કરવામાં આવે છે. વડીલો એવું ઈચ્છે છે કે તેમના પુત્ર -પુત્રી તેમના વિચારો આધારે ચાલે. પરંતુ સામેના પક્ષે તે મંજૂર હોતું નથી. આથી ઘણીવાર સંઘર્ષાત્મક પરિસ્થિતિ ઉભી થવાની શક્યતાઓ રહે છે. આમ, કિશો રાવસ્થા દરમિયાન આવતા પરિવર્તનોને કારણે કિશોરી ઓને જે સમસ્યાનો સામનો કરવો પડે છે.

નામ:-**જનક વી રાવળ**

વર્ષ 2022- 23

વિષય:-ચિલ્ડ્રન યુનિવર્સિટીના કાર્યક્રમની ગાંધીનગર શહેરમાં જાગૃતિ અંગેનો અભ્યાસ (ગાંધીનગર શહેરના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો મૂળ વિચાર ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૯મી જૂન ૨૦૦૮ ના રોજ મળેલી દેશના અગ્રણીય શિક્ષણવિદોની કાર્ય શિબિરમાં રજૂ કર્યો હતો. પ્રસ્તુત કાર્ય શિબિરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ની આવશ્યકતા અંગે વિગતવાર સમજ આપેલી. તેમને એવો નિર્દેશ કર્યો હતો કે આ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી મુખ્ય રીતે બાળ સંબંધી વિષયોના સંશોધન પર કેન્દ્રિત હશે તેવો શ્રી એ જણાવ્યું કે આજના યુગના બાળકોને અનાવશ્યક દબાણના ભાર નીચે રાખવામાં આવે છે,આ પરિસ્થિતિમાં સુધારો લાવવો અત્યંત આવશ્યક છે. તેઓ શ્રી એ વધુમાં જણાવ્યું કે આધુનિક જગતમાં વિભક્ત કુટુંબોની રચના ઝડપથી થઈ રહી છે અને "માવજત અને સુરક્ષા" જે બાળકોનો નૈસર્ગિક અધિકાર છે, તેના સંદર્ભમાં તેમને હાંસિયામાં ધકેલાવવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં માનનીય મુખ્યમંત્રી શ્રી એ પોતાની સંકલ્પના અનુસાર કહ્યું કે, માત્ર શારીરિક આરોગ્ય જ નહીં, પરંતુ માનસિક આવશ્યકતાઓના સંદર્ભમાં તમામ જરૂરી મદદ અને સંભાર સુનિશ્ચિત કરવા માટે આ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી આગળ આવવું જોઈએ જેથી આજના અને આવતીકાલના બાળકો સમગ્ર સમાજ દ્વારા પૂરી પડાયેલી લાગણીઓની ઉષ્માના કાળજી ભર્યા વાતાવરણમાં ઉછેર પામી પોતાના સંપૂર્ણ વ્યક્તિત્વને વિકસાવી શકે.

નામ:-**ભાવસાર સાક્ષી**

વર્ષ 2022-23

વિષય:-યુવાનોમાં સોશિયલ નેટવર્ક ની સાઈટની અસર પરનો અભ્યાસ (વિસનગરની કોલેજના વિદ્યાર્થીઓના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના

નવીનતમ તકનીકી ક્રાંતિને કારણે સોશિયલ મીડિયા અને તેનો વિકાસ જડપથી થઈ રહ્યો છે. હાલ ના સમય માં સોશિયલ રોજિંદા જીવનનો એક અવિભાજ્ય અંગ તરીકે પ્રવર્તમાન થાય છે. સોશિયલ મીડિયા વ્યક્તિને પોતાની વ્યક્તિગત પ્રોફાઈલ બનવાની સુવિધાઓ પૂરી પાડે છે. જેમાં ચેટિંગ, વિડિયો કોલિંગ, મોબાઈલ કનેક્ટિવિટી તથા ઈન્ટરનેટ બ્રાઉઝિંગ જેવી મહત્વની સુવિધાઓ પૂરી પડે છે. સંશોધન કરવા માટે સંશોધન પ્રશ્નની પસંદગી કરવામાં આવે છે અને તે સામાજિક બાબત હોવી જરૂરી છે. સંશોધાનકર્તા એ પોતાના રસ, રુચિ તથા બૌદ્ધિક ક્ષમતાના અનુભવને ધ્યાનમાં રાખીને સંશોધન કરવામાં આવે છે. સંશોધનકર્તાએ સંશોધનકાર્ય કરવા માટે "આજના યુવાનો સોશિયલ મીડિયાની અસર' પસંદ કરેલ છે.

નામ:-મૈથિલી રાકેશ ભટ્ટ

વર્ષ 2020-21

વિષય:- POLYCYSTIC OVARY SYNDROME થી એટલા બધા પીડીએફ્ મહિલાઓની મનો સામાજિક અને શારીરિક સ્થિતિનો અભ્યાસ (ગાંધીનગર શહેરના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના

યુનાઈટેડ નેશન્સ અનુસાર સ્ત્રીઓ એ સૌથી સંવેદનશીલ જૂથમાંનું એક જુથ છે.

તેઓ ગંભીર ભેદભાવ, પજવણી અને ઘણી બધી સમસ્યાઓનો ભોગ બને છે. તેમજ તણાવપૂર્ણ જીવનશૈલી, બિનઆરોગ્યપ્રદ ખોરાક અને અસંતુલિત દિનચર્યાને લીધે આજકાલ સ્ત્રીઓ ખૂબ પીડાય છે તથા તેઓ ઘણા બધા રોગનો ભોગ બને છે. આધાશીશી, તાણ, અકાળે રજોનિવૃતિ, Polycystic Ovary Syndrome વગેરે જેવી ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ ધરાવે છે. PCOS એટલે કે Polycystic Ovary Syndrome એ કોઈ એક પ્રકારનો રોગ નથી પરંતુ તે એક સિન્ડ્રોમ છે. કોઈ રોગમાં વિશિષ્ટ કારણ અને લાક્ષણિકતાઓ હોય છે જ્યારે સિન્ડ્રોમ એ એક સાથે થતાં અનેક પ્રકારના રોગનું સહલક્ષણ છે, અને કોઈ એક ચોક્કસ સહલક્ષણને લક્ષિત કરે છે. Polycystic Ovary Syndrome એ સ્ત્રીઓના શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે તેઓના માનસિક અને સામાજિક સ્વાસ્થ્યને પણ ઊંડી અસર પહોંચાડે છે. વિશ્વવ્યાપી 10 માંથી 1 સ્ત્રી Polycystic Ovary Syndromeથી પીડિત છે અને ભારતમાં 5 માંથી 1 સ્ત્રી Polycystic Ovary Syndromeથી પીડિત છે. આ આંકડાઓ પોતે જ આ સિંડ્રોમની ગંભીરતા દર્શાવે છે.

નામ:-**રીના આર નિનામા**

વર્ષ 2020-21

વિષય:-આદિવાસી તરુણાઓને માસિક સ્ત્રાવના ના સંદર્ભે જાગૃતિ તથા તેમની સામાજિક અને માનસિક સ્થિતિનો અભ્યાસ(ભાખરા ગામના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના

તરુણવયજૂથ લોકો દેશનું ભવિષ્ય છે . તરુણાવસ્થા બાળપણ અને પુખ્તવયની વચ્ચેનો મહત્વપૂર્ણ સમયગાળો છે. જેમાં તેઓ ભાવનાત્મક, શારીરિક અને માનસિક પરિવર્તનોના પડકારોનો સામનો કરે છે. ખાસ કરીને તરુણીઓ માં ટે આ પરિવર્તનનો વિશેષ પડકારરૂપ હોય છે. માસિકસ્ત્રાવ એ મોટા ભાગની સ્ત્રીઓ માં ટે જીવનનો એક ભાગ છે આશરે અડધી સ્ત્રી ની વસ્તી વૈશ્વિક વસ્તીના લગભગ ૨૬% પ્રજનન વય ની છે મોટા ભાગની મહિલાઓ દરમહિને લગભગ બે થી સાત દિવસ માસિક ધર્મ આવે છે છતા તે સામાન્ય જેટલું સામાન્ય નથી વિશ્વભરમાં માસિક સ્ત્રાવને કલંકિત કરવામાં આવે છે અનેમાસિકસ્ત્રાવ વિશે ની માં હિતી નો અભાવ નુકશાનકારક તેમજ ગેરસમજો અને ભેદભાવ તરફ દોરી જાય છે અને છોકરી અને સામાન્ય બાળકના અનુભવો પ્રવૃતિઓ ગુમાં વાનું કારણ બની જાય છે કિશોરીઓમાં અપૂરતી માસિક સ્વસ્થયતા વ્યવસ્થાપન એ જાહેર આરોગ્ય સમસ્યા છે. મુખ્યત્વે નીચા અને મધ્યમ આવક વાળા દેશોમાં ૬ અબજ થી વધુ કિશોરીઓ (વિશ્વ ની ૮ %વસ્તી )સાથે તેની તીવ્રતા ને આધારેમાસિકસ્ત્રાવ ની સ્વછતા નો મુદ્દો વૈશ્વિક ચિંતાનો વિષય છે, આમાં ૮૦% થી વધુ કિશોરીઓ એશિયન અને આફ્રિકન ખંડોમાં રહે છે ભારત માં ૨૪૩ મિલિયન તરુણિઓ વસે છે જે દેશ ની કુલ વસ્તીના એક વૉટરમાં હિસ્સો ધરાવે છે ભારત માં ૩૫૫ મિલિયન થી વધુ માસિક સ્ત્રાવ ધરાવતી તરૂણીઓ છે.

નામ:-લક્ષ્મી વી વસાવા

વર્ષ:- એપ્રિલ 2021

વિષય:-વ્યવસાય કરતી મહિલાઓના જીવન પ્રવૃત્તિ સંતુલનની સમાજ કાર્ય ની દ્રષ્ટિએ એક અભ્યાસ

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના :

સ્ત્રીએ સમાજ નું મહત્ત્વ નું અંગ છે. આપણા ભારત દેશની સ્ત્રીઓ માટે ઘરબહારની આર્થિક પ્રવૃત્તિમાં જોડાવવા નું કામ અત્યંત કઠિન અને પરિક્ષમ યુક્ત બની રહે છે. કારણ કે ભારતમાં હજુ પુરુષો, બાળકો અને કુટુંબના સભ્યો માટે સવાર સાંજ બંને સમય ગરમાગરમ રસોઈ કરવાની પ્રણાલી ટકી રહી છે. તેમજ ભારતમાં ઉદ્યોગ અને વ્યવસાયના સ્થળોએ ઘોડિયાઘર ની વ્યવસ્થા હોતી નથી. આમ, સ્ત્રી નોકરી કરીને ઘરમાં પાછી ફરે ત્યાં સુધી નાના બાળકોની દેખરેખ નો પ્રશ્ન મૂંઝવણરૂપ બનેછે. જેની વિપરીત અસરો જે સ્ત્રીનો શારીરિક સ્થિતિ પર તેમજ દાંપત્યજીવન તથા કુટુંબ પર પડતી હોય છે. આમ, બેવડી ભૂમિકાએ આર્થિક પ્રવૃત્તિ કે નોકરી કરતી સ્ત્રીઓ માટે સમસ્યા બની રહે છે.

પંડિત જવાહરલાલ નહેરુએ મહિલા શિક્ષણ નું મહત્ત્વ સ્પષ્ટ કરતા કહ્યું હતું કે, એક બાળક નું શિક્ષણ માત્ર એક જ વ્યકિતનું શિક્ષણ છે. પરતું એક સ્ત્રીનું શિક્ષણ એ સંપૂર્ણ સમાજનું શિક્ષણ છે. એટલે કે મહિલા પરિવારમાં ધરીના રૂપમાં કાર્ય કરે છે. મહિલાઓને ઘરની ચાર દીવાલો વચ્ચે બંધ કરીને વિકસિત રાષ્ટ્રોની શ્રેણીમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શકતી નથી અનુભવ દશાવે છે કે શૈક્ષણિક વિકાસમાં સ્ત્રીઓનો ફાળો ઘણો નોધપાત્ર રહ્યો છે. બાળમંદિર થી માંડીને ઉચ્ચશિક્ષણ, સંસ્થાઓમાં સ્ત્રી શિક્ષિકાઓની સંખ્યા વધી રહી છે. હવે કોલેજો અને યુનિવર્સિટી કક્ષાએ પણ સ્ત્રીઓએ વધુને વધુ સંખ્યામાં અધ્યાપક તરીકે જોડાવા લાગી છે.

नाम:-**अभिषेक खाण्डिया**

वर्ष 2020-21

विषय आरटीआई अधिनियम 2009 के तहत बच्चों के प्रवेश के संदर्भ में माता-पिता की जागरूकता का अध्ययन (अहमदाबाद शहर के संदर्भ में)

मार्गदर्शक:-डॉ नरेंद्र कुमार वसावा

परिचय :

बदलते समय के साथ-साथ विचारों और मूल्यों को जीने की कला में आवश्यक परिवर्तन होता रहता है. 21 वीं सदी के प्रधानमंत्री श्री नरेंद्र मोदी विकास और प्रत्येक बच्चा एक विचारक के रूप में महत्वपूर्ण है,"every child have metter" (प्रत्येक बालक महत्वपूर्ण है) श्री नरेंद्रभाई जो वर्तमान में भारत के प्रधान मंत्री हैं, उन्होंने देश के बच्चों को प्राथमिकता दी है।

यानी बच्चा देश का भविष्य है और राष्ट्रीय के लिए संपत्ति समान है।

लगातार बदल रहा है और निरंतर प्रक्रिया है, बच्चों के समग्र विकास की प्रक्रिया और दिन-प्रतिदिन शिक्षा के क्षेत्र को सही करने का उददेश्य बन जाता है।

"आज हम सभी जानते हैं कि भारत, ब्रिटिश सदियों पहले, गुलामी ने औपनिवेशिक शासन से स्वतंत्रता प्राप्त की है, भारत आजादी से पहले प्राथमिक शिक्षण सार्वभौमिक, अनिवार्य और स्वतंत्र बनाने के लिए है, अंग्रेजी में 1838 में विलियम यूनिट केटन ने विंगेट और टीसी फार्म आदि का बहुमूल्य योगदान होता है।

वडोदरा महाराजा गायकवाड़ सयाजी राव ने प्राथमिक शिक्षा को सर्वप्रथम अनिवार्य किया उनके राज्य अमरेली जिले के सभी गाँव, जो राज्य में पहली बार शिक्षा में प्रवेश करते हैं, सात से बारह साल का लड़का और सात से बारह महिलाओं के लिए पुराने कानून अनिवार्य प्राथमिक शिक्षक पहले श्याजीराव के साथ स्वरों के साथ लागु। 1918 में, श्री विटठलभाई पटेल पटेल का प्रयास प्रांतों से था, एक कदम जो देश के विभिन्न क्षेत्रों में शिक्षकों के लिए अनिवार्य किया गया है।

નામ:-**વાઘ માધુરી આત્મા રામ**

વર્ષ 2019-20

વિષય:-થેલેસેમિયા મેજર બાળકોની કોટોપિક અને માનસિક સમસ્યા નો અભ્યાસ (અમદાવાદ ખાતે આવેલા રેડક્રોચ સોસાયટી બ્લડ બેન્કના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

૨૧મી સદીમા ભારત દેશ વિવિધ ક્ષેત્રે અનેક વિધ ક્ષેત્રે અનેક વિધ સિધ્ધિઓ હાંસલ કરી છે. આપણા ભારતીય સમાજની જીવનશૈલી અને સ્વાસ્થની સમજને કારણે તંદુરસ્ત અને નિરોગી હતા પરંતુ આધુનિક યુગમાં વિવિધ ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ થતો ગયો તેમ લોકોનુ જીવનધોરણ ઉંચુ આવતું ગયું. લોકો સુખમય જીવન જીવવા લાગ્યા. પરંતુ લોકોની આરોગ્ય દિવસે ને દિવસે એક તરફ સુધરતું અને બીજી તરફ કથળતુ ગયું. પોતે દિવસ દરમિયાન પોતાની કામગીરી સાથે એટલા બધા જોડાયેલા હોય છે કે તે પોતાનુ કે પોતાના કુટુંબના આરોગ્ય પ્રત્યે સુવ્યવસ્થિત ધ્યાન આપી શકતા નથી.

આરોગ્યની આકાંક્ષા મનુષ્યની સૌથી પ્રથમ જરૂરિયાત છે, નીરોગી જીવન જ મનુષ્યને સાચી સાર્થકતા બતાવે છે. સ્વસ્થ રહીને જ મનુષ્ય પોતાનુ ઐહિક અને પરલૈકિક કર્તવ્ય પૂર્ણ કરી શકે છે. જેની પાસે આરોગ્ય છે તે જ પૂર્ણ આયુષ્ય અને દિર્ઘાયુષ્ય ભોગવી શકે છે. જે સ્વસ્થ હોય છે તે સશક્ત હોય છે અને તમામ પ્રકારના કર્તવ્યોનુ પાલન કરવા માટે તે સમર્થ હોય છે.

વ્યકિત સામાજીક અને કૌટુંબિક અને પોતાના આરોગ્ય પ્રત્યે નિષ્ક્રિય બન્યા છે. સરકારશ્રી અને સ્વૈચ્છિક સંસ્થાના ઘણા પ્રયત્નો હોવા છતાં તેઓ પોતાનુ આરોગ્ય સ્વસ્થ જળવાઈ રહે તે માટેની જોઈએ તેટલી સફળતા મેળવી શકતા નથી.

વિશ્વમાં ચિકિત્સકશાસ્ત્રમાં અનેક સંશોધનો અને પરીવર્તન આવ્યા હોવા છતાં માનવસમાજ અનેક પ્રકારના અંતિભયંકર રોગથી પીડાય રહ્યા છે કેન્સર, ક્ષય, રક્તપિત, એઈડ્સ અને થેલેસેમિયા જેવા રોગો સામેની ઉપચાર પધ્ધતિમાં એટલે કે તબબી ક્ષેત્ર વિશ્વ સ્તરે અનેક અનેક સંશોધનો થઈ રહ્યા છે. નવી-નવી ઉપચાર પધ્ધતિઓ,નવીનવી દવાઓ, રસીઓ શોધી રહ્યા છે. તેમ છતાં આ રોગોની ભંયકરતા ઓછી થવા પામેલ નથી.કેન્સર અને થેલેસેમિયા અતિભંયકર રોગ છે. રક્તપીત્ત પણ આ પ્રકારનો ભયંકર રોગોમાંથી એક છે .

નામ:-**નિયતિ મોદી**

વર્ષ 2019- 20

વિષય:-ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના શીશુ ભરામ કેન્દ્રના લાભાર્થી માતા-પિતાના અભિપ્રાયોનો અભ્યાસ (ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના :-

બાળકો અને તેમના શુભચિતકો જેવા કે માતા-પિતા, પરિજનો, શિક્ષકો, કેળવણીકારો,બાળસાહિત્યકારો અને બાળશિક્ષણમાં કાર્ય કરતાં વ્યક્તિ અને સંસ્થાઓને બાળવિકાસ અને શિક્ષણ અંગે સતત નવા વિચારો મળી રહે તેવા હેતુથી જુલાઇ, ૨૦૧૨ થી માસિક સામયિક પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેમાં બાળકોને ઉપયોગી શૈક્ષણિક અને સંસ્કારલક્ષી સામગ્રી જેવી કે બાળવાર્તા, બાળગીત, કવિતા, પ્રેરક પ્રસંગો, અધ્યયન પ્રવૃતિ વગેરે આપવામાં આવે છે.

"Children's University Will Empower the Younger generation."

-Narendra Modi

જીવનની સળંગસૂત્રતાને ધ્યાનમાં રાખીને આપણા પૂર્વજોએ શિક્ષણની પ્રક્રિયાનું સ્વરૂપ નક્કી કરેલ છે. ગર્ભધાનથી લઈને ત્રણ વર્ષ સુધી શીખવાની પ્રક્રિયાને સંસ્કાર પક્રિયા છ વર્ષથી લઈને 15 વર્ષ સુધી શીખવાની પ્રક્રિયાને શિક્ષણ પ્રક્રિયા અને ૧૬ વર્ષથી આજીવન શીખવાની પ્રક્રિયા ને સ્વાધ્યાય પ્રક્રિયા કહે છે.શિશુ અવસ્થા સમગ્ર જીવનનો પાયો છે.આ સમયગાળા દરમિયાન બાળક જે કઈ અનુભવે છે. તેની અસરો જીવન પર્યંત રહેતી હોય છે. ગર્ભધાનથી લઈને પાચ વર્ષ સુધીનો સમયગાળો મનુષ્ય જીવનનો સૌથી અગત્યનો સમયગાળો છે. તેને સુવર્ણકાળ કહે છે.કારણ કે આ સમય દરમિયાન શિશુની સંસ્કારગ્રહણ ક્ષમતા અંત્યંત તીવ્ર હોય છે. ઘરના પ્રેમભર્યો વાતાવણમાં બાળકનો સાહજિક વિકાસ થાય છે.

નામ:-**અમી વી પ્રજાપતિ**

વર્ષ 2019 -20

વિષય:-આંગણવાડીના બાળકોના વિકાસ માટે આઈસીડીએસની ભૂમિકા

(આઈસીડીએસ યોજના અંતર્ગત આંગણવાડીમાં ચાલતી ત્રણ સેવાનો અભ્યાસ)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના :-

આજે સમગ્ર દેશમાં 'સંકલિત બાળ વિકાસ સેવા'નો ખૂબ ફેલાવો થયો છે. ગુજરાત રાજ્યમાં લગભગ દરેક ગામમાં આ યોજના અંતર્ગત આગણવાડીઓ છે. આ આગણવાડી કેન્દ્રો સાથે જોડાયેલા સૌએ આ યોજનાની તમામ વિગતોની જાણકારી હોવી આવશ્યક છે.

ભારતમાં બાળકોના વિકાસ માટે કાર્ય કરતું 'રાષ્ટ્રીય બાળક બોર્ડ' છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેના પ્રમુખ છે. આ બોર્ડ બાળકો માટેના નીતિ અને કાર્યક્રમો ઘડે છે. તેના અમલીકરણ માટે માર્ગદર્શન આપે છે. આ બોર્ડ તૈયાર કરેલ બાળકો માટેની રાષ્ટ્રીય નીતિઓને ભારત સરકારે ઈ.સ. ૧૯૭૪માં સ્વીકાર કર્યો. આ નીતિમાં કરેલ ઘોષણા મુજબ બાળકોને દેશનું સર્વોચ્ચ અને મહત્વનું ધન ગણવામાં આવ્યું. બાળકોના ઉછેર અને સંભાળને રાષ્ટ્રની જવાબદારી ગણવામાં આવી. બાળકોના જન્મ પહેલાં અને પછી તથા ઉછેરના સમયે તેનો પૂરેપૂરો શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ સાધવાનું સૂચવાયું. આ સૂચનોને ધ્યાને લઈ બાળકના બરાબર વિકાસ માટે બાળકોને તથા તેમની માતાઓને પાયાની બધી જરૂરીયાતો જેવી કે આહાર, આરોગ્ય અને શિક્ષણ તેમના ગામમાં જ મળે તેવી યોજના તૈયાર થઈ અને ૨જી ઓક્ટોમ્બર ૧૯૭૫ (ગાંધી જયંતી) ના રોજ તેનો શુભારંભ થયો. આ યોજના તે આઈ.સી.ડી.એસ. – સંકલિત બાળ વિકાસ યોજના.

૦-૬ વર્ષની વયજૂથના બાળકો ભારતની વસ્તીના લગભગ ૧૫૮ મિલિયન (૨૦૧૧ની વસ્તી ગણતરી)ની રચના કરે છે. આ બાળકો દેશના ભાવિ માનવ સંસાધન છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય બાળકોના કલ્યાણ, વિકાસ અને સુરક્ષા માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી રહ્યું છે.

૨જી ઓક્ટોમ્બર ૧૯૭૫માં શરૂ કરાયેલ સંકલિત બાળ વિકાસ યોજના ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે અને બળપણની સંભાળ અને વિકાસ માટેના વિશ્વના સૌથી મોટા અને અનોખા પ્રોગ્રામમાંથી એકનું પ્રતિનિધિત્વ કરે છે. તે એક તરફ શાળા પૂર્વેની બિન ઔપચારિક શિક્ષણ પ્રદાન કરવા અને કુપોષણ, વિકલાંગતા, અધ્યયનની ઓછી ક્ષમતા અને મૃત્યુદરના દુષ્ટ ચક્રને તોડવાના પડકારના પ્રતિસાદ તરીકે તેના બાળકો અને માતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું અગ્રણી પ્રતિક છે.

નામ:-**ભૂમિકા ચાવડા**

વર્ષ 2019-20

વિષય:-સ્ત્રીભૃણ હત્યા અંગે કાયદાકીય સંબંધતાનો અભ્યાસ

(ગાંધીનગર સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો ના સંદર્ભમાં)

માર્ગદર્શક-ડો. નરેન્દ્રકુમાર ડી. વસાવા

પ્રસ્તાવના:

પ્રવર્તમાન ૨૧મી સદીનો યુગ એ ખૂબ જ ઝડપી અને પરિવર્તનકારી સમય ગણવામાં આવે છે. બદલાતો સમય ગાળા ની અંદર ઘણા બધા ક્ષેત્રે ધરખમ ફેરફારો આવતા જાય છે. સમસ્યા એ આજથી નહીં પરંતુ પ્રાચીન સમયથી જોવા મળતી હતી. જેમ જેમ સમય ગાળો બદલાતો જાય છે. એમ સમસ્યાઓ પણ બદલાતી જાય છે. પ્રાચીન સમયમાં ઘણી બધી બાબતો સમસ્યા સ્વરૂપે જોવામાં આવતી ન હતી એ આજે સમસ્યા સ્વરૂપે જોવા મળે છે. જેવી કે ગરીબી, ભૂખમરો, કુપોષણ, નિરક્ષરતા, બાળમજૂરી, લૂંટફાટ, ચોરી, સ્ત્રીઓને લગતી સમસ્યાઓ જોઈએ તો વેશ્યા વ્યવસાય, બળાત્કાર, કુપોષણ, સ્ત્રીઓની છેડતી, ઘરેલુ હિંસા વગેરે સમસ્યાઓ આપણને જોવા મળે છે. એવી જ એક સ્ત્રીઓને લગતી સમસ્યા જોઈએ તો સ્ત્રી ભૃણ હત્યા એ આજના પ્રવર્તમાન અને શૈક્ષણિક યુગની અંદર કલંકરૂપ સમસ્યા તરીકે જોવામાં આવે છે.

વર્તમાન ટેકનોલોજી અને જ્ઞાનના વિકાસથી સ્ત્રી-પુરુષની સંખ્યાની સમાનતામાં સ્ત્રીઓનું પ્રમાણ ઝડપથી અને ચિંતાજનક હદે ઘટી રહ્યું છે. પરંતુ આ દિશામાં ઘણું ઓછું ધ્યાન સૌનુ જોવા મળે છે, જે આશ્ચર્ય પમાડે છે.

વર્તમાન સમયમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા માટે અનેક કારણો જવાબદાર ગણવામાં આવે છે. જેવાકે સ્ત્રીઓનું નિયમ સામાજિક આર્થિક દરજ્જો, રાજકીય દરજ્જો, સ્ત્રીઓ સબંધિત સાંસ્કૃતિક માન્યતાઓ, દહેજપ્રથા, સ્ત્રીની અવગણના અને અત્યાચારનું વ્યાપક પ્રમાણ અપૂરતું પોષણ,અઢળક કામ અને જવાબદારીઓ આટલું ઓછું હોય તેમ વર્તમાનમાં થતી સ્ત્રી ભૃણ હત્યા જેવા કારણો જવાબદાર ગણવામાં આવે છે. પરંતુ તેમાં અપૂરતું પોષણ કે દહેજ પ્રથા એ પુત્રીના જન્મ પછી ઉદભવતા પ્રશ્નો છે, જ્યારે ભૃણ હત્યાને એ સ્ત્રી જાતિ ના અસ્તિત્વ સામે પ્રશ્નાર્થ ચિન્હ સમાન છે. જે આજે અગાઉના સમય કાળમાં બાળકીને દૂધ પીતી કરવાની પ્રથા ના પ્રતિબંધથી જ રિવાજના પર્યાયરૂપ થતા તબીબી વિજ્ઞાનના સહાયથી અસ્તિત્વમાં આવેલ છે. સ્ત્રીભૃણ હત્યા માટે કયા જવાબદાર પરિબળો ભાગ ભજવે છે? સમાજને કેવી માન્યતાઓ આ સ્ત્રી ભૃણ હત્યાને પ્રોત્સાહન આપે છે? તથા તેને માટે જવાબદાર કોણ? સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા ના ઉપાયો છે તેમાં શિક્ષણની ભૂમિકા શું? જેવા પ્રશ્નોના સંદર્ભે પ્રાથમિક શાળાના શિક્ષકોની સ્ત્રીભૃણ હત્યા અંગે એક એવી સભાનતા ધરાવે છે? તે સંદર્ભે પ્રસ્તુત સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યા છે.